## // આંક–૨૮ લગત હુકમ //

(૧) અરજી વંચાણે લીધી તથા બંને પક્ષનાં વિ.વ.શ્રીને સાંભળ્યા. સદર અરજી પ્રતિવાદી દ્રારા ખુલાસા સાથે સી.પી.સી.ઓર્ડર–૭ રૂલ–૧૧ અન્વયે એવી રજુઆત કરેલ છે કે, આ કામમાં માર્ક થી સહી તથા તારીખ વગરની નોટીસ રજુ થયેલી છે. જે નામ. વડી અદાલત તથા ઉપલી કચેરીઓના આદેશ અમલ કરવા માટે થયેલી ઉતાવળની શુદ્ધ બુદ્ધીની ભૂલ છે. વધુમાં જણાવેલ છે કે, નગરપાલિકા અધિનિયમની આદેશાત્મક જોગવાઈ છે કે, નગરપાલિકાના કોઈપણ અધિકારી સામે દવો લાવતા પહેલા કલમ–૨૫૨ અને ૨૫૩ નું પાલન થવુ જોઈએ અને તે નોટીસ વેઈવ કરવાની કાયદામાં જોગવાઈ નથી અને આ રીતે વાદીનો દાવો સી.પી.સી. ઓર્ડર–૭ રૂલ–૧૧(ડી) મુજબ કાયદાથી બાધીત છે, જે તકરાર તેઓએ પોતાનાં જવાબમાં પણ લીધેલ હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, જવાબનાં પેરેગ્રાફ નં.૨ માં હાઈકોર્ટનાં હુકમનું અનુસંધાન છે, વિશેષમાં પી.આઈ.એલ. નં.૧૩૩/૨૧ ના તા.૧૮/૧૦/૨૦૨૨ ના હુકમનાં પેરેગ્રાફ નં.૫ થી ધોરાજી નગરપાલિકાને સ્પેશીફીક નિર્દેશ કરેલ છે અને ત્યારબાદ તા.૧૬/૧/૨૦૨૩ ના હુકમથી ટકોર કરેલ છે અને તેનાં અનુસંધાને મદદનીશ કમીશ્નરશ્રી ખોરાક અને ઔષધ નીયમન તંત્રનો પણ આદેશ થયેલો છે જેથી નોટીસ આપવામાં આવેલી હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, હાલનાં કેસમાં તા.૨૮/૦૯/૨૦૧૭ ના તેઓ તરફથી દાવા તથા વચગાળાની અરજીનો જવાબ રજુ કરવામાં આવેલો છે અને વાદી તરફથી તા.૨૨/૩/૧૮ ના રોજ વચગાળાની લેખીત દલીલ રજુ થયેલી છે, પંરતુ ઉપર જણાવ્યા પ્રમાણે ત્યારબાદના વડી અદાલતના ચુકાદાઓ હોય અને તેઓની ઉપરી કચેરીમાંથી સુચનાઓ મળતી હોય તેનો અમલ કરેલો હોવાનું જણાવેલ છે. જેથી ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં વાદીનો દાવો સી.પી.સી. ઓર્ડર–૭ રૂલ–૧૧(ડી) મુજબ બાધીત હોય,

યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે. પ્રતિવાદી તરફે નિશાની ૨૯/૧ થી ૨૯/૪ ના દસ્તાવેજો રજુ રાખેલાં છે.

(૨) વાદીઓ તરફે આંક–૩૦ થી સદર ખુલાસા સામે ક્રોસ ઓબ્જેકશન–વાંધાઓ રજુ કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે જણાવવામાં આવેલ છે કે, આ કામે પ્રતિવાદીએ તેમને ચાલતાં કામે પાઠવેલ નોટીસ અંગે તા.૦૬/૦૨/૨૦૨૩ ના રોજ નામ. કોર્ટમાં આપેલ ખુલાસા સામે ક્રોસ ઓબ્જેકશન ધ્યાને લઈ વાદીની આંક–૫ ની અરજી તથા દાવો મંજુર કરવા વિનંતી કરેલ છે અને જણાવેલ છે કે, આ કામે પ્રતિવાદીએ તેઓને ચાલતા કામે તેઓનો ધંધો–રોજગાર તાત્કાલીક બંધ કરવા કોઈપણ કારણ વગર જાણીબુજીને ઈરાદાપૂર્વક નોટીસ આપેલ, વાદીએ આ કામનાં પ્રતિવાદી વિરૂધ્ધ અત્રેની અદાલતમાં પ્રતિવાદી તેઓનાં ધંધામાં વિના કારણે કોઈ રૂકાવટ કરે નહીં કે ધંધો રોજગાર બંધ કરાવે નહીં કે તેમાં કોઈ દખલ અંદાજી કે ગેરકાયદેસર અટકાયત કે રૂકાવટ કરાવે નહીં અને તેઓને કાયદેસર રીતે ધંધો ચલાવવા માટે લાયસન્સ તથા એન.ઓ.સી. ઈસ્યુ કરી આપે તે મતલબનો દાવો કાયદાની જોગવાઈ મુજબ દાખલ કરેલ જે દાવો તથા મનાઈ હુકમ મેળવવા માટેની આંક–૫ ની અરજી ઘણા લાંબા સમયથી પેન્ડીંગ છે તેમ છતાં આ કામનાં પ્રતિવાદીએ બદઈરાદા પૂર્વક તેઓથી વેર વાળવા માટે અદાલતનો હુકમ આવે તે પહેલાં નામદાર અદાલતથી ઉપરવટ થઈ તેઓ સાથે સ્કોર સેટલ કરવા દાદાગીરીથી તેઓને બાહુબલી ટાઈપ કાયદાકીય જોગવાઈ વિરૂધ્ધ તાત્કાલીક ધોરણે ધંધો રોજગાર તુરંત જ બંધ કરવા નોટીસ મારફત ધમકી આપેલ જે નોટીસની નકલ તેઓએ રજુ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પ્રતિવાદીએ પોતાનાં ખુલાસાનાં પેરા–૨ માં જણાવેલ હકીકત બિલકુલ ખરી ન હોય જેથી તેઓ કબુલ રાખતાં નથી કારણ કે નગરપાલિકાનાં કોઈપણ

અધિકારી વિરૂધ્ધ કે નગરપાલિકા કચેરી વિરૂધ્ધ કોઈ ગેરકાયદેસર કે કાયદા વિરૂધ્ધના કૃત્ય સબબ જયારે કોઈ દાવો લાવવાની અરજન્ટ જરૂરીયાત જણાય તો દાવો લાવવા માટે નગરપાલિકા અધિનિયમ સેકશન–૨૫૨, ૨૫૩ તથા ૧૦૮ મુજબ નોટીસ આપવી મેન્ડેટરી નથી અને તેને વેઈવ કરી શકાય તેવો સ્પષ્ટ સિધ્ધાંત નામ. ગુજરાત હાઈકોર્ટે ધોરાજી નગરપાલીકા વિરૂધ્ધ મોહંદી હાદીભાઈ બુધવાણી (LAWS (GJH)2008_2_272) તા.૨૯/૦૨/૨૦૦૮ ના કેસમાં પ્રસ્થાપીત કરેલ છે જેથી પ્રતિવાદીની ઉપરોકત પેરા–૨ ના ખુલાસાની હકીકત કાયદાકીય જોગવાઈ મુજબ ટકી શકે તેમ નહીં હોવાનું જણાવેલ છે.

વધુમાં જણાવેલ છે કે પ્રતિવાદીએ તેમનાં ખુલાસાનાં પેરા–૩ માં સદંતર ખોટી અને અવળી રજુઆતો કરી નામદાર અદાલતને ગુમરાહ કરવાનો તથા ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરેલ છે જેથી તેઓ પેરા–૩ ની હકીકતને કબુલ રાખતાં અને અને તેમાં સ્પષ્ટ કબુલ કર્યા સિવાયની તમામ કહેવાતી હકીકતોનો ઈન્કાર કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, ખરી હકીકતે પ્રતિવાદીએ આ કામે રજુ કરેલ પોતાનાં જવાબનાં પેરા–૨ માં નામ. ગુજરાત હાઈકોર્ટનાં મેટર અંગેની જે હકીકત જણાવેલ છે તે મેટર સાથે વાદીને કોઈ લેવા દેવા નથી કે તેઓ ઉપરોકત પેરા–૨ ની હાઈકોર્ટ મેટરમાં કયાંય પણ પક્ષકાર, અરજદાર, ફરીયાદી કે આરોપી નથી કે તે મેટરમાં તેઓનાં નામ જોગ કોઈ ઓર્ડર થયેલ નથી તેમ છતાં પ્રતિવાદી એ હાઈકોર્ટનાં મેટરની સાથે તેઓને કોઈ લેવા–દેવા ન હોવા છતાં આવો હુકમ રજુ કરી નામદાર અદાલતને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરેલ હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે પ્રતિવાદીએ નામ. ગુજરાત હાઈકોર્ટની પી.આઈ.એલ. નં.૧૩૩/૨૧ નો હવાલો આપી જણાવેલ છે કે, સદર હુકમનાં પેરેગ્રાફ નં.૫ થી ધોરાજી નગરપાલિકાને સ્પષ્ટ નિર્દેશ કરેલ

છે તે હકીકતનાં સંદર્ભમાં જણાવેલ છે કે, ગુજરાત મ્યુનીસીપાલીટી એકટ –૧૯૬૩ ની સેકશન ૨૦૮(૧) માં સ્લોટર હાઉસ સ્થાપીત કરવા માટે તથા પબ્લીક માર્કેટની વ્યવસ્થા કરવા માટે મ્યુનીસીપાલીટીને સ્પષ્ટ નિર્દેશ કરેલ છે અને તેમાં તમામ વેપારીઓને ધંધો–રોજગાર કરવા માટે જગ્યા ફાળવણી કરવા પબ્લીક હરરાજી કરવા તથા ભાડે અથવા માલીકી ધોરણે જગ્યા આપવાનો સ્પષ્ટ નિર્દેશ કરેલ છે પરંતુ ધોરાજી નગરપાલિકાએ આજદિન સુધી કોઈપણ પ્રકારની ચીકન કે મીટ માર્કેટ અંગેની સગવળ જાહેર જનતાના હીત માટે સ્થાપીત કરેલ નથી કે પુરી પાડેલ નથી તેવા સંજોગોમાં જયારે મ્યુનીસીપાલીટી પોતાની નૈતીક ફરજ બજાવવામાં ઉપેક્ષા દાખવે અને નામ. ગુજરાત હાઈકોર્ટનાં વચગાળાના ઓર્ડરનું અવળું અર્થઘટન કરી ગરીબ વેપારીઓનું ધંધો–રોજગામ તાત્કાલીક ધોરણે બંધ કરાવે તો તેઓને તથા તેઓનાં સમગ્ર પરિવારને ભુખ્યે મરવાનું અને રસ્તે રજડવાનો વારો આવે અને તેઓને નાણામાં ન આંકી શકાય તેવું કાયમી પ્રકારનું નુકશાન જાય તેમ હોવાનું જણાવેલ છે.

વધુમાં જણાવેલ છે કે, પ્રતિવાદીએ પોતાનાં ખુલાસામાં મદદનીશ કમિશ્નર ખોરાક અને ઔષધ નિમયન તંત્રને તા.૧૬/૦૧/૨૦૨૩ ના આદેશ અંગે જણાવેલ હકીકત અધુરી વિગતવાળી અને ઉપજાવી કાઢેલ છે કારણ કે, ખરી હકીકતે વાદી ફુડ એન્ડ સેફટી અંગેનું કાયમી લાયસન્સ ધરાવે છે જે અંગે ફુડ સેફટી ઓફીસરે તા.૨૧/૦/૨૦૨૨ ના રોજ તેઓને લાગુ કોર્પોરેશન ઓથોરીટીનું PART-IV ની જોગવાઈ અનુસાર એન.ઓ.સી. મેળવી રજુ કરવા નોટીસથી જણાવેલ જે અંગે વાદીએ તમામ રૂલ્સ રેગ્યુલેશનો તથા નિયમો ફુલફીલ કરવા બાંહેધરી આપી ધારા ધોરણસરની ફી આપવાની તૈયારી દર્શાવી તા.૦૬/૧૦/૨૦૨૨ ના રોજ

ધોરાજી નગરપાલીકા કચેરીમાં એન.ઓ.સી. કાઢી આપવા અંગે અરજી કરેલ હોય અને તે અંગેની જાણ સાથે નોટીસનો જવાબ વાદીએ તા.૨૮/૦૯/૨૦૨૨ ના રોજ ખોરાક અને ઔષધ નિયમન તંત્રને પાઠેવેલ અને રૂબરૂમાં પણ રજુઆત કરી જણાવેલ કે ધોરાજી નગરપાલિકામાં તેઓની એન.ઓ.સી. મેળવવાની માંગણી પેન્ડીંગ છે જેથી એન.ઓ.સી. મળ્યેથી તુરંત જ રજુ કરીશું તેવી ખાત્રી આપેલ પરંતુ ધોરાજી નગરપાલીકાએ તેઓનો ધંધો–રોજગાર રાગધ્વેશથી કાયમી બંધ કરાવી દેવા માટે આજદિન સુધી તેઓની એન.ઓ.સી.ની માંગણી અંગે કોઈ કાર્યવાહી કરેલ નથી કે તેઓ કોઈ પ્રતિઉતર આપેલ નહીં જે અંગેના તમામ કાગળો રજુ કરેલ હોવાનું જણાવેલ છે તેમજ પ્રતિવાદીએ પોતાની કઈ ઉપલી કચેરીનાં આદેશથી વાદીને નોટીસ પાઠવેલ છે તેવા કોઈ કચેરી આદેશની નકલ આ કામે રજુ કરેલ નથી કે આવા આદેશ અંગે કયાં થી સુચનાઓ મળેલ તે પોતાની નોટીસમાં જણાવેલ નથી જેથી પ્રતિવાદીએ રજુ કરેલ ખુલાસાની તમામ હકીકતો તદન ખોટી અને ઉપજાવી કાઢેલ હોય તે ધ્યાને લેવા પાત્ર નથી તેમ જણાવેલ છે. જેથી ઉપરોકત ક્રોસ ઓબ્જેકશન યાને કે વાંધાઓ રજુ કરી અરજ કરેલ છે કે, આ કામનાં પ્રતિવાદી ચાલતા કામે યેનકેન પ્રકારે ગેરકાયદેસર રીતે તેઓનો ધંધો–રોજગાર બંધ ન કરાવે તે માટે કાયમી પ્રકારનો આદેશાત્મક મનાઈ હુકમ ફરમાવી વાદીની આંક–૫ ની અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

વાદી તરફે નિશાની ૩૧/૧ તથા ૩૧/૨ નાં દસ્તાવેજો રજુ રાખવામાં આવેલાં છે.

(૩) સદર કામે બંન્ને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો સાંભળી. પ્રતિવાદીનાં વિ.વ.શ્રી કે. એમ. પારેખ નાઓએ મૌખિકમાં એવી દલીલ કરેલ છે કે, આ કામનાં વાદીની અરજીને કાયદાકીય મુળ રીતે ધી ગુજરાત

મ્યુનીસીપાલીટી એકટની કલમ–૨૫૩ નો સ્પષ્ટ બાધ નડતો હોય, તેમજ નોટીસ વેઈવ કરવાનાં કોઈ પ્રોવીઝન તે કાયદામાં ન હોય, જેથી વાદીનો હાલનો દાવો ટકવાપાત્ર ન હોય તેને નામંજુર કરવા અરજ કરેલ છે.

વાદીનાં વિધ્વાન વકીલશ્રી ડી. જે. ઠેસીયા નાએ તેઓની આંક–૨૯ વાળી લેખિત દલીલ ગ્રાહય રાખી પ્રતિવાદીની અરજી નામંજુર કરવા અરજ કરેલ હોવાનું જણાય છે.

(૫) પ્રતિવાદી નાઓ તરફે હાલની અરજીઓ વાદીને દાવો નામંજુર કરવા રજુ કરવામાં આવેલ છે.

વધુમાં, કોડ ઓફ સિવિલ પ્રોસીજર કોડ, ૧૯૦૮ ના ઓર્ડર–૭, રૂલ–૧૧(ડી)ની કાયદાકીય જોગવાઈઓ પણ વંચાણે લેવી હાલના તબક્કે અતી મહત્વની જણાય છે જે નીચે મુજબ છે.

“**11. Rejection of plaint** – The plaint shall be rejected in the following cases :-

(D) where the suit appears from the statement in the plaint to be barred by any law;”

આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈઓ ઘ્યાને લેતાં, આ કામનાં વાદીનાં દાવાની હકીકતો અને હાલની અરજી અંગે વાદી તરફેની દલીલો ઘ્યાને લેવામાં આવે તો, વાદી તરફે જણાવવામાં આવેલ છે કે આ કામનાં પ્રતિવાદી ધોરાજી નગરપાલીકાનાં ચીફ ઓફીસર છે અને તેઓનું કાર્યક્ષેત્ર માત્ર નગરપાલીકાનું માત્ર વહીવટી કામ કાજ કરવા અંગેનું છે જેથી તે સરકારી અને હોદ્દાની દ્રષ્ટીએ એવો હોદ્દો ધરાવતાં નથી કે તેઓની સામે જયારે અરજન્ટ મેટર હોય ત્યારે નોટીસ આપવી પડે કારણ કે, ચીફ ઓફીસર સામે જયારે દાવો કરવામાં આવે અને જો નોટીસ આપવામાં આવે તો નોટીસથી દાવો કરનારનો વ્યવસાય બંધ કરી આપે અને દાવો કરવાનો કોઈ હેતુ રહે નહીં અને જેથી કલમ–૨૫૩ અંગેનો

કોઈ જ વાંધો તકરાર ચાલી શકે નહીં અને તે નિર્ણય દાવાનાં અંતિમ સમયે મુદૃા કાઢીને કરી શકાય છે તેમ જણાવેલ છે.

હાલની અરજીનો નિર્ણય કરવાનાં તબકકે ગુજરાત મ્યુનિસિપાલિટી એકટ ૧૯૬૩ ની કલમ–૨૫૩ વંચાણે લેવી ખુબ જ અગત્યની હાલની અરજીના ન્યાયનિક નિર્ણય માટે જણાય છે જેમા નીચે મુજબનું પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.

૧. આ અધિનિયમ અનુસાર અથવા તો તેની બજવણી અથવા કરવા ધારેલી અમલ બજવણીમાં કરેલા કોઇ કાર્યના સંબંધમાં અથવા અધિનિયમની અમલ બજવણીમાં થયેલી કહેવામાં આવતી કોઇ ગફલત અથવા કસુરના સંબંધમાં નગરપાલિકા સામે અથવા નગરપાલિકાના કોઇ અધિકારી અથવા નોકર સામે કોઇ દાવો.

(A)(ક) દાવાનું કારણ ઉત્પન્ન થયા પછીના તરતના છ મહિનાની અંદર તે દાખલ કરવામાં આવ્યો હોય તે સિવાય અને

(B)(ખ) નગરપાલિકાની બાબતમાં, નગરપાલિકાની કચેરીમાં લેખિત નોટીસ પહોંચાડ્યા પછી અથવા મુકી આવ્યા પછી અને નગરપાલિકાના અધિકારી અથવા નોકરની બાબતમાં લેખિત નોટીસ પહોંચાડ્યાં પછી અથવા તેની કચેરી અથવા રહેવાના સ્થળે મુકી આવ્યા પછી એક મહિનો પુરો થયો ન હોય ત્યાં સુધી માંડી શકશે નહિં. આવી તમામ નોટીસોમાં દાવાનું કારણ તથા દાવો કરવા ઈચ્છતા વાદીનું નામ રહેવાનું સ્થળ તથા આ દાવાના હેતુ માટે તેનો જો કોઇ એડવોકેટ, વકીલ, એજન્ટ હોય તો તેનું નામ અને રહેવાનું સ્થળ વાજબી વિગતો સાથે જણાવવા જોઇશે.

૨. આવા કોઈ દાવાની ઈન્સાફી કાર્યવાહી ચાલતી હોય ત્યારે તે વખતે–

(A)(ક) ઉપર કહ્યાં પ્રમાણે વાદીએ પહોંચાડેલી અથવા તે મુકી આવ્યો હોય તેવી નોટિસમાં દાવાનું જે કારણ જણાવવામાં આવ્યું હોય તે કારણ સિવાયના દાવાના બીજા કોઈ કારણને લગતો પુરાવો વાદીને આપવા દેવો નહિં.

(B)(ખ) જો દાવો નુકસાની માટેનો હોય અને તેને દાવો માંડ્યો હોય તે પહેલાં જો પુરતો બદલો તેને આપવા માંડવામાં આવેલ હશે તો વાદીને એ રીતે આપવા માંડવામાં આવેલ રકમ કરતાં કાંઈ વધુ રકમ મળશે નહિં અને આ રીતે બદલો આપવા માંડ્યા પછી પ્રતિવાદીને થયેલું તમામ ખર્ચ વાદીએ આપવું પડશે.

૩. જો એવા કોઈ દાવામાં પ્રતિવાદી નગરપાલિકાનો અધિકાર અથવા નોકર હોય તો દાવામાં અથવા દાવાના પરિણામે તેણે ભરવાની કોઈ રકમ અથવા તેનો ભાગ કારોબારી સમિતિની મંજુરીથી નગરપાલિકા ફંડમાંથી આપી શકાશે.

આમ, ઉપરોકત કલમ–૨૫૩ ની જોગવાઈ વંચાણે લેતા અત્રેની અદલાતને સ્પષ્ટ જણાઈ છે કે હાલના કામના વાદીને દાવો લાવતાં પહેલાં સ્પષ્ટરીતે કાયદાકીય બાધ નડતો હોવાનું જણાઈ આવે છે. જે નોટીસ આપવાનું એક સ્ટેટ્યુટરી પ્રોવિઝન છે અને તે મેન્ડેટરી હોવાનું અત્રેની અદાલતને જણાય છે.

(૬) સદર કામે વાદીએ જે આંક–૩૦ થી પ્રતિવાદીના હાલના કામની અરજીનો જવાબ આપેલ છે તેમા મુખ્ય રીતે પોતાની અગાઉ આંક–૨૬ થી કલમ–૨૫૩ અન્વયેની દલીલ રજુ કરેલ તેના ઉપર આધાર રાખેલ છે જે સાથે અત્રેની અદાલત સમર્થન રાખતી નથી. કારણ કે ઉપર ચર્ચા કરી તે મુજબ કાયદાકીય રીતે ધી ગુજરાત મ્યુનીસીપાલીટી એકટની કલમ–૨૫૩ મુજબ આ કામનાં વાદી કોઈપણ સરકારી અધિકારી વિરૂધ્ધનો દાવો સીધે–સીધો અત્રેની અદાલત સમક્ષ લાવી ન શકે તેટલું જ નહીં પરંતુ ધી ગુજરાત મ્યુનીસીપાલીટી એકટ–૨૫૩ માં તો સરકારી અધિકારીઓ વિરૂધ્ધ નોટીસ આપીને દાવો લાવવાની પણ કોઈ કાયદાકીય જોગવાઈ કરવામાં આવેલ નથી. તેવા સંજોગોમાં આ કામનાં વાદીનો આંક–૩૦ નો જવાબ તથા આંક–૨૬ વાળી દલીલ ટકવાપાત્ર હોવાનું જણાઈ આવતું

નથી. આમ, ઉપરોક્ત ચર્ચા કરી તે મુજબ આ કામના વાદીના દાવાને કાયદાકીય બાધ નડતો હાવાનું જણાઇ આવે છે. જેથી પ્રતિવાદીની હાલની અરજી પર નીચે મુજબનો આખરી હુકમ કરવો યોગ્ય અને ન્યાયોચિત જણાઇ આવે છે.

**–// <u>આ ખ રી હુ ક મ</u> //–**

1. પ્રતિવાદી આંક–૨૮ ની અરજી આથી "**મંજુર**" કરવામાં આવે છે.
2. આ કામના વાદીનો દાવો કોડ ઓફ સિવિલ પ્રોસીઝર ૧૯૦૮ ના ઓર્ડર–૭, રૂલ–૧૧(ડી) મુજબ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.
3. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૪/૦૫/૨૦૨૬

(સુનિલ વામન વાઘ)
**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,**
**ધોરાજી.**
(જજ કોડ- જીજે૦૧૨૫૮)